# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/11/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1. **૩૦ નવેમ્બરથી લોકસભા જ્યારે બીજી ડિસેમ્બરથી રાજ્યસભા ની વિશેષ બેઠક શરૂ થશે.**
2. **રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીએ નાગરિકોની રજૂઆતોનો હકારાત્મક અભિગમ સાથે સમયમર્યાદામાં ઉકેલ લાવવા અધિકારીઓને તાકીદ કરી.**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજથી ત્રણ દિવસના છોટાઉદેપુર જિલ્લાના પ્રવાસે -સ્થાનિક લોકોના પ્રશ્નો સાંભળશે, વિકાસકાર્યોની સમીક્ષા કરશે.**
4. **નાણામંત્રી કનુ દેસાઈએ વલસાડ ખાતે ૩૧ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું.**
5. **અમદાવાદમાં આજથી નાબાર્ડ દ્વારા "ગ્રામીણ ભારત મહોત્સવ ગુજરાત શરૂ થશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

**LS-RS**

લોકસભાની બેઠક ૩૦ નવેમ્બરે જ્યારે રાજ્યસભાની બેઠક 2 ડિસેમ્બરે ફરી શરૂ થશે. બંને ગૃહોની બેઠકો આવશ્યક સરકારી કામકાજ માટે બોલાવવામાં આવી છે. કામકાજની સ્થિતિના આધારે, બંને ગૃહોની બેઠકો 3 ડિસેમ્બરે પૂર્ણ થઈ શકે છે. આ બેઠકો દરમિયાન પ્રશ્નકાળ, શૂન્યકાળ અને ખાનગી સભ્યોની કાર્યવાહી યોજાશે નહીં.

લોકસભાના જણાવ્યા અનુસાર , સ્પીકર ઓમ બિરલાએ નિર્દેશ આપ્યો છે કે 13 ઓગસ્ટ, 2026ના રોજ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખેલી લોકસભા હવે સોમવારે સવારે 11 વાગ્યે ફરી શરૂ થશે. રાજ્યસભા બુધવારે સવારે 11 વાગ્યે આવશ્યક સરકારી કામકાજ માટે ફરી શરૂ કરશે.

અગાઉ, સરકારે લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષને આવશ્યક સરકારી કામકાજ હાથ ધરવા માટે આ તારીખો પર બંને ગૃહોની બેઠકો ફરીથી બોલાવવા વિનંતી કરી હતી.

ઉલ્લેખનીય છે કે 13 ઓગસ્ટના રોજ લોકસભા અને રાજ્યસભા અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી હોવા છતાં , ચોમાસુ સત્ર હજુ સુધી ઔપચારિક રીતે મુલતવી રાખવામાં આવ્યું નથી.

---

# RAJYA SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવેમ્બર માસના રાજ્ય સ્વાગતમાં જિલ્લા કલેક્ટરો અને સંબંધિત વિભાગોને નાગરિકોની રજૂઆતો અને લોકફરિયાદોનો હકારાત્મક અભિગમ એપ્રોચ સાથે સમયમર્યાદામાં ઉકેલ લાવવા તાકીદ કરી છે. મુખ્યમંત્રી એ નવેમ્બર-માસના રાજ્ય સ્વાગતમાં ગ્રામીણ ખેડૂતો સહિતના રજૂઆતકર્તાઓની સમસ્યાઓનું નિરાકરણ કર્યું હતું. આ રાજ્ય સ્વાગતમાં **240**થી વધુ રજૂઆતકર્તાઓ પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા

મુખ્યમંત્રી એ મંજૂર થયેલા પ્લોટનો કબજો અને સનદ સોંપવા , ગેરકાયદેસર દબાણો દૂર કરવા સૂચના આપી આ ઉપરાંત મુખ્યમંત્રીએ ભાવનગર જિલ્લાના સાગવાડીના ગ્રામીણ ખેડૂતને ગામતળનો પ્લોટ ફાળવવા , ગટરલાઈન કામગીરી તાત્કાલિક હાથ ધરવા દિશાનિર્દેશ આપ્યા વડોદરાના તાંદલજા તળાવની બ્યુટીફિકેશન કામગીરી સત્વરે પૂરી કરવા શહેરી સત્તા તંત્રને આદેશ આપવા સાથે કાયદાકીય પ્રક્રિયા વિના બનાવેલ સ્ટેટ હાઈવેની જમીન માટે તાત્કાલિક ઉકેલની સૂચના આપી હતી

રાજ્ય સ્વાગતમાં **240**થી વધુ રજૂઆતો ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્વાગત મળીને **4** હજાર **122**થી વધુ રજૂઆતો પરત્વે યોગ્ય જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

.....

# CONSTITUTION DAY

રાજ્યભરમાં ગઇકાલે બંધારણ દિવસની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ટાગોર હોલ ખાતે યોજાયેલા બંધારણ ગૌરવ દિવસ કાર્યક્રમ માં ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા એ જણાવ્યું કે ભારત નું બંધારણ 140 કરોડ ભારતીયોની આકાંક્ષા નું પ્રતિક છે.

**BYTE - JAGADISH VISHWAKARMA, PRADESH PRAMUKH**

ભાવનગર ખાતે ભાજપે શહેર કાર્યાલયથી જશોનાથ સર્કલ સુધી બગીમાં બંધારણને લઈને પદયાત્રા યોજી હતી. ત્યારબાદ ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાર્પણ કરવામાં આવી હતી.

.....

# DYCM – CHHOTA UDEPUR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજથી ત્રણ દિવસના છોટાઉદેપુર જિલ્લાના પ્રવાસે જશે.

આ પ્રવાસ દરમિયાન તેઓ કવાંટ અને જેતપુર પાવી તાલુકાના વિવિધ આદિવાસી વિસ્તારોની મુલાકાત લેશે. આ ઉપરાંત જનસંવાદ, જનસુનાવણી, યુવા સંવાદ સહિતના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી સ્થાનિક લોકોના પ્રશ્નો સાંભળશે અને વિકાસકાર્યોની સમીક્ષા કરશે.નાયબ મુખ્યમંત્રી આજે કવાંટ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર અને ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ ભાજપના હોદ્દેદારો, વિધાનસભા અને મંડળ પ્રભારીઓ, બૂથ પ્રમુખો તેમજ વિવિધ મોરચાના પ્રમુખો

અને મહામંત્રીઓ સાથે બેઠક કરશે. સ્થાનિક આદિવાસી સમાજના લોકો સાથે ખાટલા બેઠક યોજી ભજન અને ભોજનના કાર્યક્રમમાં પણ સહભાગી બનશે.

આવતીકાલે હાફેશ્વર ખાતે જેટી પ્રોજેક્ટ , ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનના ટુરિઝમ રિસેપ્શન કાઉન્ટર અને રેવા ઇકો ટુરિઝમ સાઇટની મુલાકાત લેશે. **GMDC** કડીપાણી ખાતે વહીવટી સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજશે.જનસુનાવણી અને જાહેર ફરિયાદ નિવારણ કેમ્પ યોજી વેપારી મંડળ, આદિવાસી યુવાનો અને ગ્રામજનો સાથે સંવાદ કરશે.

પ્રવાસના અંતિમ દિવસે નાયબ મુખ્યમંત્રી પાનવડ, પાણીબાર અને જેતપુર પાવી તાલુકાના વિવિધ વિસ્તારોની મુલાકાત લેશે.

ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ જણાવ્યું કે આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી સ્થાનિક લોકોના પ્રશ્નોના નિરાકરણ લાવવાના પ્રયત્નો કરશે..

**BYTE - RAJENDRASINH RATHWA, MLA**

**.....**

## STATE ELECTION COMMISSION – FINAL LIST

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતની મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ મુલતવી નો નિર્ણય લેવાયો છે

રાજ્ય ચૂંટણી પંચના અગાઉના કાર્યક્રમ મુજબ ગ્રામ પંચાયતોની મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ આજે એટલે કે **27** નવેમ્બર, ના રોજ કરવાની હતી જોકે, પંચ દ્વારા આ પ્રસિદ્ધિ હાલ મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રામ પંચાયતની મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ માટેની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

**.....**

# KANU DESAI –LOKARPARN

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વલસાડના વાપીના ડુંગરા ખાતે 31 કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. આ પ્લાન્ટનું નિર્માણ વાપી મહાનગરપાલિકા દ્વારા અમૃત- 2.0 યોજના અંતર્ગત કરાયું છે. 45 એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કાર્યરત થવાથી ડુંગરા , ચણોદ, સુલપડ અને કરવડ વિસ્તારોના લોકોને શુદ્ધ પીવાનું પાણી નિયમિતપણે મળી રહેશે. આ પ્રસંગે શ્રી દેસાઈએ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લઈ પ્લાન્ટની કાર્યપદ્ધતિ તેમજ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

.....

# TAPI BUS STATION

તાપી જિલ્લામાં કેબિનેટ મંત્રી નરેશ પટેલે ગઇકાલે વ્યારા અને ઉચ્છલ ખાતે નવા બે બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી જયરામ ગામીત પણ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ 18 કરોડના ખર્ચે તૈયાર થનાર આ નવા બસ સ્ટેશનમાં મુસાફરોને કોઈપણ અગવડતા ન પડે તેની પૂરી તકેદારી રાખવામાં આવી છે , સાથે ડ્રાઈવર અને કંડકટરને પણ પૂરતી સુવિધા મળી રહે તેની પણ દરકાર રાખી મકાનનું નિર્માણ કરાશે તેમ મંત્રી શ્રી પટેલે જણાવ્યુ હતું...

**(BYTE - NARESH PATEL, CABINET MINISTER)**

આ બંને બસ સ્ટેશનો પાછળ 18 કરોડથી પણ વધારે રકમ વપરાવાની ખૂબ સારી સુવિધા સાથે આ બંને બસ સ્ટેશનો બનવાના. વ્યારાના બસ સ્ટેશનથી 400 થી પણ વધારે ટ્રીપો લોકોની સેવામાં આજે પણ ચાલી રહી છે. હું આશા રાખું છું કે આવનારા દિવસોમાં વિદ્યાર્થીને લઈ અનેક ધંધા , નોકરી માટે જતા લોકો , અન્ય કામ માટે જતા લોકો માટે આ એસ.ટી. સેવા વધુ ઉપયોગી ભવિષ્યમાં થાય એવી અપેક્ષા રાખું છું.

.....

## AMRELI -VEKARIYA

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલી તાલુકાના નાના ભંડારીયા અને ફતેપુર ગામે વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

નાના ભંડારીયા ખાતે અંદાજે રૂ. **35.70** લાખના ખર્ચે નિર્માણ પામનાર આરોગ્ય મંદિરનું રાજ્યમંત્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત , અંદાજિત રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું તેમજ ફતેપુર ખાતે આંગણવાડી કેન્દ્રનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

.....

## PORBANDAR – MARITIME SECURITY

પોરબંદર જિલ્લામાં દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તેમજ પોલીસ અને જેલ વિભાગના માળખાકીય સુવિધાઓમાં વધારો કરવા કૂછડી ખાતે રૂ. **17** કરોડથી વધુના ખર્ચે નિર્મિત વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા તથા જેલ અને પોલીસ હાઉસિંગ રાજ્યમંત્રી કમલેશ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી મોઢવાડિયાએ જણાવ્યું આ સુવિધાઓનું લોકાર્પણ દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રવૃત્તિઓથી ઉદ્યોગોનો વિકાસ થવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું પણ સર્જન થશે.

.....

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

## VADODARA – SAYAJI BAUGH

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને સયાજીબાગ ખાતે 12 કરોડ 70 લાખના ખર્ચે મગર જોવા માટે એક પુલ બનાવવાની દરખાસ્ત કરી છે , જેનાથી પ્રવાસીઓ દૂરથી વિશ્વામિત્રી નદીમાં મગરોને સુરક્ષિત રીતે જોઈ શકશે, જેનું બાંધકામ આવતા વર્ષની શરૂઆતમાં શરૂ થવાની અપેક્ષા છે.

વડોદરા મુનિસિપલ કોર્પોરેશનના અધિકારી અરુણ મહેશબાબુએ આ અંગે વધુ માહિતી આપી

**BYTE : ARUN MAHESH BABU, OFFICER**

**.....**

# NABARD MAHOTSAV

અમદાવાદમાં આજથી નાબાર્ડ દ્વારા "ગ્રામીણ ભારત મહોત્સવ ગુજરાત – 2026 યોજાશે. સિંધુ ભવન ખાતે યોજાનાર આ મહોત્સવમાં રાજ્ય અને દેશના વિવિધ ભાગોમાંથી કારીગરો , ગ્રામીણ ઉદ્યોગસાહસિકો , સ્વ-સહાય જૂથો , ખેડૂત ઉત્પાદક સંગઠનો અને અન્ય ઉત્પાદક જૂથો ભાગ લેશે. 29 નવેમ્બર સુધી યોજાનાર આ પ્રદર્શનમાં GI ટેગવાળા ઉત્પાદનો તેમજ હસ્તકલા , હાથવણાટ, કાપડ, ખાદ્ય ઉત્પાદનો, ગૃહ ફર્નિચર અને નાબાર્ડની વિકાસ પહેલ હેઠળ સમર્થિત વિવિધ ઉત્પાદનો પ્રદર્શિત કરાશે.

પ્રદર્શનમાં ગુજરાતના મુખ્ય હાથવણાટ અને હસ્તકલા ઉત્પાદનોમાં કચ્છ અજરખ અને બાંધણી , માતાની પછેડી, અમદાવાદ સૌદાગરી બ્લોક પ્રિન્ટ , દાહોદ મણકાનું કામ, બનાસકાંઠા એપ્લીક ક્રાફ્ટ , ગીર ગાયનું ઘી અને અન્ય પરંપરાગત ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

.....

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર "મનકી બાત" કાર્યક્રમમાં દેશ- વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800—11—7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે.

તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે.

ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

.....